ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૯/૧૯–૨૦/ 3107 તારીખ : 07 AUG 2019

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૯/૧૯–૨૦

પ્રતિ,
શ્રી ડોડીયા ભરતસિંહ ભોજુભા,
ગામ–ચંદરવા,
તા.રાણપુર, જી.બોટાદ.
**મો.નં. ૯૮૯૮૮ ૬૦૫૦૯.**

**વિષય : નવા કનેકશનનું કામ પુર્ણ ન થવા છતાં બીલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૭/૦૬/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૯/૧૯–૨૦/૨૪૭૫ તા.૦૨/૦૭/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૯/૧૯–૨૦/૨૬૮૬ તા.૧૨/૦૭/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૪/૦૭/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **રાણપુર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૯/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી ડોડીયા ભરતસિંહ ભોજુભા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૨૪.૦૭.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ડોડીયા ભરતસિંહ ભોજુભા – (વાદી પોતે)

પ્રતિવાદી :– (૧) શ્રી ડી. કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(૨) શ્રી એન. આર. ઠકકર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ધંધુકા.
(પશ્ચિમ / ઉત્તર ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ડોડીયા ભરતસિંહ ભોજુભા, મુ.ચંદરવા, તા.રાણપુર, જી.બોટાદની નવા કનેકશનનું કામ પુર્ણ ન થવા છતાં બીલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૩૯/૧૯–૨૦/૨૪૭૫ તા.૦૨.૦૭.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૪.૦૭.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ડોડીયા ભરતસિંહ ભોજુભા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે (૧) શ્રી ડી. કે. ખુંટ, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ તથા (૨) શ્રી એન. આર. ઠકકર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ધંધુકા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ પીજીવીસીએલ રાણપુર સ.ડી. તરફથી અમોને નોટીસ મળેલ જે ટેક–૧૪૮૬ તા.૧૫/૦૪/૧૯ ના રોજ નોટીસ મળેલ અને અમારા વીજજોડાણ અંગેનો આજદીન સુધી કામ પુર્ણ કરવામાં આવેલ નથી.

૧.૨ તેમજ કંપનીના નિયમ અનુસાર ગ્રાહકને નોટીસ આપ્યા બાદ ત્રણ મહીના પછી ટેસ્ટ રીપોર્ટ નો ભરે તો મીનીમમ લઈ શકાય, પરંતુ રાણપુર સ.ડી. ના સ્ટાફે નોટીસની ... ઈટ બીલ પણ મોકલેલ છે. એ બીલ રદ કરવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી.

..૨..

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી ભરતસિંહ ભોજુભા ડોડીયા દવારા તેમના વેજળકા ગામના સર્વે નં.૧૪૧/૨ માં ૧૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ લેવા રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૨૦૦/– રસીદ નં.૦૬૭૮૨૭ થી તા.૨૦.૧૨.૨૦૧૧ ના રોજ ધંધુકા પે.વી. કચેરી (યુ.જી.વી.સી.એલ.) ખાતે ભરપાઈ કરી, નવા વીજજોડાણની માંગણી કરેલ.

૨.૨ જેના અનુસંધાને ધંધુકા પે.વી. કચેરી દવારા અરજદારને (survey category - D મુજબ) તારીખ ૨૦.૧૨.૨૦૧૧ ના રોજ જાવક નં.૧૦૦૬૨ થી જરૂરી અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્રની રકમ અરજદાર દવારા તા.૧૬.૦૧.૨૦૧૨ ના રોજ રસીદ નં.૮૨૭૦૬૫–૬૬–૬૭ થી ધંધુકા (યુજીવીસીએલ) ખાતે ભરપાઈ કરેલ છે અને એગ્રીમેન્ટ પણ તા.૨૭.૦૫.૨૦૧૨ ના રોજ કરેલ છે.

૨.૩ ધંધુકા પેટા વિભાગીય કચેરી (યુજીવીસીએલ) દવારા તા.૦૬.૦૧.૨૦૧૩ ના રોજ સદર વીજજોડાણ અનકનેકટેડમાં રીલીઝ કરી બીલ ચાલુ કરેલ છે.

૨.૪ ત્યારબાદ રાણપુર પે.વી.કચેરી કાર્યરત થતા નાયબ ઈજનેર ધંધુકા દવારા આ વીજજોડાણની કેસ ફાઈલ રાણપુર પે.વી.કચેરી ખાતે મોકલાવેલ. સદર ગ્રાહકના ખાતે બાકી લેણું રૂા.૧૮,૮૭૫/– નીકળતું હોવાથી સદર રકમ ભરપાઈ કરવા ગ્રાહકને નાયબ ઈજનેર, રાણપુર પે.વી.કચેરી દવારા નોટીસ જાવક નં.RNPSD/Tech/૧૪૮૬ થી તા.૧૫.૦૪.૧૯ ના રોજ મોકલવામાં આવેલ.

૨.૫ વધુમાં સદર રજુઆતના અનુસંધાને નાયબ ઈજનેર, રાણપુર પે.વી.કચેરી દવારા સ્થળ તપાસ કરતાં આ ગ્રાહકના માંગણીવાળા સ્થળ પર કોઈ બોર કે કુવો હયાત નથી અને સ્થળ પર ટ્રાન્સફોર્મર કે ટ્રાન્સફોર્મર સેન્ટરને લાગુ પડતો સામાન લગાડેલ નથી.

૨.૬ જે અંગેની જાણ અને સદર વીજજોડાણનું ખુટતું કામ સત્વરે પુર્ણ કરી વર્ક કમ્પલીશન રીપોર્ટ આપવા રાણપુર પે.વી.કચેરી દવારા નાયબ ઈજનેર, ધંધુકા પે.વી. કચેરીને પત્ર નં.૨૮૩૬ તા.૧૬.૦૭.૧૯ થી કરેલ છે.

૨.૭ પરંતુ આ બાબતે કોઈ પ્રત્યુતર ન મળતાં, સદર ગ્રાહકની અરજી અન્વયે નાયબ ઈજનેરશ્રી, ધંધુકા પે.વી.કચેરીને તા.૨૪.૦૭.૧૯ ના રોજ અત્રેની કચેરીએ સદર કેસને લગતાં જરૂરી પુરાવા સાથે હાજર રહેવા પત્ર નં.૨૮૮૭ તા.૨૨.૦૭.૧૯ થી જાણ કરેલ.

૨.૮ આમ સદર ગ્રાહકના માંગણીવાળા સ્થળ પર બોર કે કુવો હયાત નથી અને સ્થળ પર ટ્રાન્સફોર્મર કે ટ્રાન્સફોર્મર સેન્ટરને લાગુ પડતો સામાન લગાડેલ નથી અને રેકર્ડ મુજબ ૦૬.૦૧.૨૦૧૩ ના રોજ સદર વીજજોડાણ અનકનેકટેડમાં રીલીઝ કરી બીલ ચાલુ કરેલ છે અને હાલ ગ્રાહકના ખાતે વીજબીલ પેટે બાકી લેણું રૂા.૧૮,૮૭૫/– નીકળે છે.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર ભરતસિંહ ભોજુભા ડોડીયા એ વેજળકા ગામનાં સર્વે નં.૧૪૧/૨ માં ખેતીવાડી વીજજોડાણ માટે ધંધુકા પેટા વિભાગીય કચેરી (યુ.જી.વી.સી.એલ.) માં અરજી નોંધણી કરેલ અને ધંધુકા પેટા વિભાગીય કચેરી દવારા વાદીને અંદાજપત્ર આપવામાં આવેલ જે વાદીએ ૧૬.૦૧.૧૨ ના રોજ ભરપાઈ કરી અને નવું વીજજોડાણ લેવા માટે તા.૨૭.૦૫.૧૨ ના રોજ ધંધુકા પે.વી.કચેરી (યુ.જી.વી.સી.એલ.) સાથે કરારનામું કરેલ.

૩.૨ પ્રતિવાદીએ આજરોજ ફોરમને જી.પી. રજીસ્ટરનો રેકર્ડ રજુ કરેલ જેમાં વાદી અરજદારને પત્ર નં.૬૩૦૧ તા.૦૫.૦૧.૧૨ થી પાવર સપ્લાય લેવા માટેની ૩ મહીના ની નોટીસ આપેલ અને તેના દવારા ટેસ્ટ રીપોર્ટ રજુ કરવા જણાવેલ.

૩.૩ વાદીએ ૩ મહીના દરમ્યાન મોટર તથા જરૂરી સ્ટાર્ટર વગેરે ઈન્સ્ટોલ કરવા અંગેનો ટેસ્ટ રીપોર્ટ ધંધુકા પે.વી. કચેરીને રજુ કરેલ નહી. પ્રતિવાદીએ જાન્યુ.–૨૦૧૩ થી વાદીનાં ૧૫ હો.પા.નાં ખેતીવાડી વીજજોડાણનું 'અનકનેકટેડ' કન્ઝયુમર તરીકેનું મીનીમમ બીલ (ફીકસ ચાર્જ) ચાલુ કરેલ. વાદીએ આજરોજ ફોરમને જણાવ્યા મુજબ તેઓને ધંધુકા પે.વી.કચેરી તરફથી નિયમીત વીજબીલ મળતાં હતાં પરંતુ વાદીએ આજદીન સુધી એકપણ બીલ ભરપાઈ કરેલ નથી.'

૩.૪ વર્ષ ૨૦૧૮ માં ગામ–વેજળકા, તા.ધંધુકા (યુ.જી.વી.સી.એલ.) ને પીજીવીસીએલ નાં બોટાદ વિભાગીય કચેરી હેઠળના રાણપુર સ.ડી.માં બીજા ગામડાઓ સાથે સમાવેશ કરેલ.

૩.૫ વાદીનાં એકાઉન્ટ માં રૂા.૧૮,૮૭૫/– બાકી નીકળતાં હોય પ્રતિવાદીએ ભરપાઈ કરવા માટેની નોટીસ તા.૧૫.૦૪.૧૯ ના રોજ વાદીને મોકલેલ.

૩.૬ નોટીસ મળવાથી વાદીએ ફોરમને રજુઆત કરેલ છે કે તેઓને વીજજોડાણ આપેલ નથી, તેથી તેઓને આપવામાં આવેલ બીલ રદ કરવા અને વીજજોડાણ આપવું.

૩.૭ વાદીએ યોગ્ય સમયે ટેસ્ટ રીપોર્ટ આપેલ ન હોય, પ્રતિવાદીએ વાદીનાં 'અનકનેકટેડ' કન્ઝયુમર તરીકે મીનીમમ બીલ આપેલ છે જેની મે–'૧૯ ના રોજ રકમ રૂા.૧૯,૧૯૪.૬૯ થાય છે જે વાદીએ ભરવાપાત્ર છે.

૩.૮ ધંધુકા (યુ.જી.વી.સી.એલ.) કચેરી દવારા જે તે સમયે વાદીને વીજજોડાણ આપવા માટે લાઈન તથા સ્ટ્રકચર ઉભુ કરેલ છે, જે સ્થળ પર હયાત છે.

૩.૯ વાદી તેમની સામે નીકળતી રકમ રૂા.૧૯,૧૯૪.૬૯ ભરપાઈ કરી આપે તેમજ વીજજોડાણ મેળવવા માટે જરૂરી ટેસ્ટ રીપોર્ટ પ્રતિવાદીની હાલની કચેરી રાણપુરમાં આપે તો પ્રતિવાદીએ તેનું વીજજોડાણ દિવસ–૭ માં ચાલુ કરી આપવું તેમજ પ્રતિવાદીએ વાદીને બાકી નીકળની રકમ માટે ૪ (ચાર) માસિક હપ્તા કરી આપવાં.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૨૪.૦૭.૨૦૧૯

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.